# શિક્ષક તાલીમી કોલેજો - સરકાર નિષ્ક્રિય અને યુનિવર્સિટી બેજવાબદાર

બે માસ પૂર્વે બી.એડ.ની એક કોલેજ માં તાલીમાર્થીઓના વાયવા લેવા જવાનું થયું. વાયવામાં અમારે માત્ર ઇન્ટર્નશીપ , ટીએલએમ, ક્રિયાત્મ સંશોધન અને યોગા- સ્પોર્ટ્સ , ગદ્ય સમીક્ષા , નકશા કે પ્રયોગપોથી વિષે જ મૂલ્યાંકન કરવાનું હતું. આ બાબતે અમે પ્રશ્નો પૂછ્યા. તો મોટાભાગના વિદ્યાર્થીઓએ ઇન્ટર્નશીપ યોગ્ય રીતે કરી નહોતી, વિદ્યાર્થીઓ શાળામાં બિલકુલ ગયા નહતા. અરે જે બિલ્ડીંગમાં કોલેજ ચાલે છે તે જ બિલ્ડીંગમાં આવેલી શાળામાં જે વિદ્યાર્થીઓ ગયા હતા તેમણે જણાવેલ કે, અમને અહીંથી ઇન્ટર્નશીપની મંજૂરી મળેલી, અમને જયારે ફોન કરે ત્યારે અમુક દિવસે અમને બોલાવતા. આવું અન્ય વિદ્યાર્થીઓએ પણ જણાવેલ. શું કોલેજે આ રીતે ઇન્ટર્નશિપ કરાવાય? શું આ કોલેજ નથી જાણતી કે ઇન્ટર્નશીપ શા માટે કરાવવામાં આવે છે ?

મોટાભાગના વિદ્યાર્થીએ જણાવેલ કે, તેઓએ પોતાની અનુકૂળતા મુજબની શાળા પસંદ કરી છે, પછી ભલેને તે તેમના રહેઠાણથી ખૂબ જ દૂર જ કેમ ના હોય. એક વિદ્યાર્થી સુરતનો વતની, અમદાવાદમાં બી.એડ. કરે અને ઇન્ટર્નશીપ કરી છોટાઉદેપુરથી! એક બહેનનું પિયર સુરત, સાસરી અમદાવાદમાં અને ઇન્ટર્નશિપ વળી બીજા જ શહેરમાં, અમદાવાદમાં સરખેજમાં રહેતો વિદ્યાર્થી બાપુનગરમાં ઇન્ટર્નશીપ કરવા કેમ જાય. શું નજીકમાં શાળા નથી હોતી? સરત કે સૌરાષ્ટ્રના વિદ્યાર્થી અમદાવાદમાં બી.એડ. કરવા કેમ આવતા હશે ? એમના જીલ્લામાં ઘણી બી.એડ. કોલેજ છે.

ઇન્ટર્નશીપ દરમિયાન ક્રિયાત્મક સંશોધન કરવાનું હોય છે. તો ક્રિયાત્મ સંશોધન એટલે શું અને શા માટે તે મોટાભાગના વિદ્યાર્થીને ખ્યાલ નહતો.ઉત્કલ્પનાઓ બાંધવી પડે તે પણ ખબર નહતી. સમસ્યા પસંદગીનો ખ્યાલ નહતો. સમસ્યા જે હોય તેના કરતા ઉપાયો જુદા જ સૂચવ્યા હોય. વગેરે. એક વિદ્યાર્થીએ તો ત્યાં સુધી જણાવેલ કે, ક્રિયાત્મક સંશોધન વિષે અમારી પાસે કોઈ માહિતી નથી, અમે એકબીજાને પૂછીને કે બીજામાંથી કોપી કરીને લખ્યું છે.

આત્વું કામ જોઇને અમને લાગ્યું કે, તાલીમ કેવી લીધી છે કે અપાય છે તે અંગે પ્રશ્નો પૂછીએ. અમે પ્રશ્નો કર્યા કે, માઈક્રોટીચિંગમાં કેટલા લેસન આપેલ, સિમ્યુલેશનમાં કઈ પદ્ધતિથી પાઠ આપ્યા હતા? સ્ટ્રે લેસન કેટલા આપેલા, બ્લોક ટીચિંગમાં ક્યાં ગયા હતા? દુ:ખ એ બાબતનું થયું કે, એક પણ વિદ્યાર્થીને ખ્યાલ નહતો કે, માઈક્રોટીચિંગ કે સિમ્યુલેશન કે સ્ટ્રે લેસન કે બ્લોક ટીચિંગ એટલે શું ? આ વિદ્યાર્થીઓએ ઇન્ટર્નશીપ એક પણ લેસન આપેલ નથી !!!!!! અમારી મજબૂરી એ હતી કે, અમારે તો માત્ર ઉપર જણાવેલ બાબતો જ જોવાની હતી. તે સિવાય નહિ. અને તેમાં પણ ફાઈલો તો સરસ બનાવીને લાવ્યા હોય. પછી વધુ ઊંડા ઉતરીએ ત્યારે ખ્યાલ આવે કે આવું કેમ ?

ઉપરોક્ત રીતે બી.એડ.ની તાલીમ અપાતી હોય તેવી આ એક માત્ર કોલેજ નથી. ગુજરાતમાં આ રીતે અનેક કોલેજો કામ કરે છે, કે જ્યાં વિદ્યાર્થી માત્ર ફી ભરવા જાય છે અને યુનિવર્સિટીની પરીક્ષા આપવા જાય છે. કોલેજમાં તાલીમ લેવા જતા જ નથી. આવી કોલેજો સ્ટાફ પણ નથી રાખતી. શા માટે સ્ટાફ

રાખે. તાલીમ તો આપવાની નથી. આ કોલેજો દ્વારા પેદા થતાં શિક્ષકોમાં કેવી ગુણવત્તા હશે ? સરકાર અને યુનિવર્સિટી આવા શિક્ષકો શા માટે પેદા કરવા દે છે. એનાથી યુનિવર્સિટી કે સરકારને કોઈ જ ફાયદો નથી. હા.. નુકશાન થાય છે તો તે સમાજને થાય છે. ભવિષ્યમાં આવા શિક્ષકો ભારતનું ભાવી વર્ગખંડમાં ઘડશે! દુ:ખ એ વાતનું છે કે આ વાત યુનિવર્સિટી અને સરકાર બંને જાણે છે, છતાં યુનિવર્સિટી અને સરકાર આવું ચલાવી ચલાવે છે! વધારે તો દુ:ખ એ છે કે, આવું રાતોરાત નથી બન્યું. જયારથી બી.એડ.માં સેલ્ફફાયનાન્સ કોલેજોને મંજૂરી આપવામાં આવી તે દિવસથી આવું ચાલે છે. હા, કેટલીક ખૂબ જ ઓછા પ્રમાણમાં સેલ્ફફાયનાન્સ કોલેજો ખૂબ જ સુંદર કામ કરી રહી છે, પણ મોટાભાગની કોલેજોને માત્ર ફી લેઈને પૈસા કમાવામાં જ રસ છે. ત્યારે આવી કોલેજોના સંચાલકોને કહેવાનું મન થાય કે, ભાઈ, પૈસા જ કમાવા હોય તો તેના અનેક રસ્તા અને ક્ષેત્રો છે. મહેરબાની કરીને શિક્ષણના વ્યવસાયને તો અભડાવશો નહિ. એમાં પણ તમે ભલે પૈસા કમાતા હશો પણ તમે સમાજનું કેટલું મોટું નુકશાન કરી રહ્યા છો એ તો વિચારો. હકીકતમાં આવા સંચાલકો સૌથી મોટા ચોર અને ગૂનેગાર છે. તમને લાજ શરમ જેવું હોય તો આ ગોરખધંધો બંધ કરે. છતાં ન કરે તો સમજવાનું કે ચોરને લાજશરમ જેવું ના હોય. અને હા, આ સંચાલકો આવું નાં વિચારે તો યુનિવર્સિટી અને સરકારે તો વિચારવું જોઈએ ને? પણ આ બાબતે સરકાર નિષ્ક્રિય છે અને યુનિવર્સિટી બેજવાબદાર. માત્ર વિચારવાથી નહિ ચાલે, વિચારો અને સમાજ તેમજ શિક્ષણના હિતમાં આવી કોલેજો શોધી કાઢો, તાત્કાલિક ધોરણે દંડ સાથે બંધ કરવો. દંડ પણ એવો કરો કે જે જોઇને કે સંભાળીને અન્ય વ્યક્તિ પૈસા કમાવા માટે આવું નિમ્ન પ્રકારનું કામ કરીને શિક્ષકો પેદા ના કરે. સરકાર શિક્ષણમાં એકબાજુ ગુણવત્તા વધારવાની વાતો કરે છે અને બીજી બાજુ સમાજમાં આવા શિક્ષકોને પેદા કરવા દે છે. શું આ રીતે ગુણવત્તા આવશે ?

ઉપરોક્ત રીતે કશી જ તાલીમ નહિ આપીને શિક્ષક બનાવવા માટેની કોલેજ કે હાટડી ખોલીને બેઠેલા કેટલું મોટું પાપ કરી રહ્યા છે. ભગવાન તેને ક્યારેય માફ નહી કરે. વળી આવા સંચાલકો સમાજમાં લુખ્ખા ઊંચો કોલર રાખીને ફરતા હોય છે તેમ ગૌરવથી ફરે છે. યુનિવર્સિટી અને સરકાર જાણતી હોવા છતાં તેઓ ધાર્યું કરે જાય છે અને ફરે પણ જાય છે, આનાથી મોટી કરુણા સમાજ માટે કઈ હોઈ શકે? સરકાર અને યુનિવર્સિટીને ભવિષ્યના સમાજની કોઈ જ ચિંતા નથી? હા..આજથી બે વર્ષ પહેલા ઉચ્ચશિક્ષણ કમિશનરે એક પરિપત્ર બહાર પાડેલો, પણ તે પરિપત્ર બહાર પાડીને એ લોકો જ ભૂલી ગયા કે અમે આવો પરિપત્ર બહાર પાડ્યો છે. બીજી બાજુ આ પરિપત્રનો અમલ કરવાની જવાબદારી યુનિવર્સિટીની હતી, પણ યુનિવર્સિટીએ તો એ પરિપત્ર ફાડીને કદાચ ફેકી દીધો હશે. માટે તો કોઈ પગલાં તો ના લીધા પણ કોઈ તપાસ પણ ના કરી. તપાસ કરે તો પગલાં લેવા પડે ને? વાહ..ભાઈ.. વાહ..આ આપણી યુનિવર્સિટીઓ અને આપણી સરકાર!

એક મિત્ર એ દલીલ કરી કે, તાલીમાર્થીઓ જાતે ઘેર બેસીને વાંચે તો છે જ ને ? તો પછી શું વાંધો છે. તેમની પાસે જ્ઞાન તો છે ને ? ત્યારે મેં તે ભાઈને જવાબ આપેલો કે, તમને તરતાં- સ્વીમીંગ કરતાં આવડે છે ? પેલા ભાઈએ કહ્યું કે, ના. મેં કહ્યું કે, વાંધો નહિ. તરવા માટેનું જ્ઞાન હું તમને આપું છું. તળાવ કે દરિયામાં પડવાનું. હાથ અને પગ હલાવવાના. બીજું કશું જ કરવાનું નહિ. માત્ર હાથ-પગ હલાવજો. હવે પડશો તળાવ કે દરિયામાં. ત્યારે તે ભાઈનો જવાબ હતો કે, ના, સાહેબ. એ તો ડૂબી

જવાય. ત્યારે મેં જણાવેલ કે, ભાઈ. આપણા સમાજમાં કેટલાક સંચાલકો આપણા સમાજને, ભારતના ભાવિને, આવતી પેઢીને ડૂબાડવા જ બેઠા છે. તરવા માટે માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન ના ચાલે. તે માટેનું કૌશલ્ય પણ હોવું જોઈએ. તો તે જ રીતે શિક્ષક બનવા માટે – ભણાવવા માટે માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન ના ચાલે. તે માટે એક બે નહી અનેક કૌશલ્યો વિકસાવવા પડે. આ કૌશલ્યો વિકસાવવા માટે જ બી.એડ. કોલેજોમાં તાલીમ આપવામાં આવે છે. આવી તાલીમ લેનાર વિદ્યાર્થી નહિ તાલીમાર્થી કહેવાય છે. અંતે સરકાર અને યુનિવર્સિટીને બે હાથ અને ત્રીજું માંથું જોડી સમાજ વતી અનેક શિક્ષણપ્રેમીઓ વિનંતી છે કે, સારા શિક્ષકો પેદા કરો. માત્ર પૈસા ખાતર જે  બી.એડ. કોલેજો ચાલે છે, જ્યાં બિલકુલ તાલીમ અપાતી નથી કે તાલીમાર્થીઓ કોલેજમાં આવતા જ નથી. તેવી કોલેજો તાત્કાલિક બંધ કરાવો. જો આ નહિ કરો તો શાળાઓમાં ભૌતિક સુવિધા માટે ગમે તેટલા રૂપિયાનો ખર્ચ કરશો તો પણ તે વ્યર્થ જ નીવડવાનો છે. થોડામાં ઘણું સમજીને ચોક્કસ નિર્ણય સાથે આગળ વધશો તેવી અપેક્ષા. આ કામમાં સફળ રહો તેવી શુભેચ્છા.